# શહેરની ખાનગી હોસ્પિટલના કોવીડ વોર્ડ હાઉસફુલ

ગાંધીનગર, તા. ૨

રાજયમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. રાજયમાં ૨૬૪૦ કોરોના પોઝીટીવ દર્દીઓ નોંધાયા છે. જયારે રાજયમાં ૧૧ જેટલા દર્દીઓએ કોરોનાને પગલે અંતિમ શ્વાસ લીધા છે. કોરોના અજગરી ભરડો લઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ગાંધીનગર શહેરની ખાનગી હોસ્પિટલમાં કોવીડ વોર્ડ હાઉસફુલ છે. જયારે ગાંધીનગર સિવિલમાં પણ ૬૦ ટકા દર્દીઓ સારવાર હેઠળ છે. પાટનગરમાં પણ કોરોના પોઝીટીવ ૨૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૯ દર્દીઓ નોંધાયા છે. જયારે કોરનાને પગલે ૫ દર્દીઓએ સિવિલમાં અંતિમ શ્વાસ લેતા સેકટર-૩૦ મુકિતધામ અને રુદ્રભુમિ ખાતે અંતિમ વિધી કરાઈ હતી. ત્યારે કોરોના સંક્રમણને અટકાવવા માટે તંત્ર રાત દિવસ કામ કરી રહ્યું છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ પાટનગરમાં પણ કોરોના કેસમાં જબરદસ્ત ઉછાળો જોવા મળી રહ્યો છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં પણ ધીમધીમે કોરોનાના ભરડામાં જઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. કોરોના સંક્રમણ અટકવાનુ નામ લેતુ નથી. ત્યારે રાજયમાં કોરોના ૨૬૪૦ કેસ નોંધાયા છે. તો બીજીતરફ ગાંધીનગરમાં ૫૫ કેસ સામે આવ્યા છે. જેમાં શહેરી વિસ્તારના ૨૬ અને ગ્રામીણના ૨૯ કેસ છે. શહેરી વિસ્તારમાં સતત વધી રહેલા કેસને પગલે ખાનગી હોસ્પિટલના કોવીડ વોર્ડ દર્દીઓથી હાઉસફુલ જોવા મળી રહ્યા છે. કોવીડ દર્દીઓ પણ વેઈટીંગનો અનુભવ કરી રહ્યા છે. દર્દી સ્વસ્થ થઈને ઘરે જાય ત્યાર પછી નવા દર્દીને બોલાવવામાં આવે છે.

શહેરમાં કોવીડના કેસ વધતા સ્થિતિ કથળતી જતી હોય તેમ લાગી રહ્યું છે. કોરોના પોઝીટીવ દર્દીઓનો મૃત્યુંનો આંકડો પણ સતત વધી રહ્યો છે તે પણ ચિંતા ઉપજાવે છે. જયારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૬,૭, અને ૮ માળ સુધી કોવીડ દર્દીઓ સારવાર લેતા નજરે પડી રહ્યા છે.

### સરકીટ હાઉસના રસોડા વિભાગના તુકારામ સીતારામ કાલગુડેનું કોરોનાથી અવસાન

ગાંધીનગર સરકીટ હાઉસમાં રસોડા વિભાગમાં ફરજ બજાવતા અને સેકટર-૫ ખાતે રહેતા ૬૫ વર્ષિય તુકારામ સીતારામ કાલગુડે કોરોનાને પગલે મૃત્યુ પામ્યા છે. તુકારામ કાલગુડે અગાઉ પણ કોરોનાથી સંક્રમિત થયા હતા. જયારે ફરીવાર પણ કોરોનાની ઝપટે આવતા ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ હતા. ત્યારે ગતરોજ તેઓએ સિવિલ ખાતે અંતિમ શ્વાસ લીધા હતા. તુકારામના અવસાનને પગલે ગાંધીનગર સરકીટ હાઉસ અને પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, જ્યારથી પોલીસે દંડા મારવાનું બંધ કર્યું છે ત્યારથી આ કારણ વગર રખડે રાખે છે... હવે શું કરવું ??

# મહાનગરપાલિકાનો જંગ જીતવા 'આપ'ની રસલ્હાણ..!!!

### આમ આદમી પાર્ટીએ સત્તામાં આવતા શિક્ષણ-આરોગ્ય, પાર્કિંગ-પરિવહન સહિત વેરાઓ મુદ્દે ધરખમ સુધારાની ગેરંટી આપી : વરિષ્ઠ નાગરિકો માટે ઘરે બેઠાં ફ્રી મેડીકલ ચેકઅપ તથા નિઃશુલ્ક મુસાફરીનું વચન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી જંગમાં પ્રથમવાર ઝંપલાવી રહેલી આમ આદમી પાર્ટીએ આજે ચૂંટણી ઢંઢેરા સ્વરૂપે ગેરંટી કાર્ડ પ્રકાશિત કર્યુ હતુ જેમાં આપની સત્તા આવતા જ શહેરમાં શિક્ષણ, આરોગ્ય, વેરાઓ, પાર્કિંગ અને પરિવહન, સાંસ્કૃતિક-રમતગમત, જન સુવિધા સહિતના અનેક મુદ્દે નિર્ધારિત કાર્યો કરવાની ગેરંટી આપવામાં આવી હતી.

આપ પાર્ટી દ્વારા જાહેર કરવામાં આવેલા ગેરંટી કાર્ડમાં દિલ્હી મોડેલ આધારિત શહેરમાં સરકારી શાળાઓનું નવીનીકરણ, શહેરમાં ૧૦ નવી અંગ્રેજી માધ્યમની શાળાઓ બનાવવા તથા અદ્યતન સુવિધા સાથેની સેન્ટ્રલ એસી લાયબ્રેરી, રીડીંગ રૂમ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે સરકારી કોચીંગ સેન્ટર વિકસાવવાની ગેરંટી આપી છે. આ સાથે મનપા સંચાલિત તમામ દવાખાનાની સુવિધા વધારવા, અને તેમાં તમામ ટેસ્ટ નિઃશુલ્ક કરવા, સિનિયર સીટીઝન્સ માટે ૬૦ દિવસે ઘરે બેઠાં ફ્રી મેડીકલ ચેકઅપ, હરતુ ફરતુ દવાખાનુ, પોપર્ટી ટેક્ષમાં ૫૦ ટકાનો ઘટાડો, વેરાની નવેસરથી સમીક્ષા, નવા જોડાયેલ ગ્રામ્ય વિસ્તારમાં સુવિધાઓ ના મળે ત્યાં સુધી વેરો નહી લેવાની, શહેરમાં એસી સીટી બસની તથા તેમાં મહિલાઓ, વિદ્યાર્થીઓ તેમજ સિનિયર સીટીઝન્સ માટે નિઃશુલ્ક મુસાફરી તથા સીસી ટીવી સુરક્ષાની ગેરંટી આપવામાં આવી છે. આ સાથે શહેરમાં મહિલા સ્પોર્ટસ એકેડેમી, રંગમંચના ભાડામાં ૫૦ ટકાનો ઘટાડો, ક્રિકેટ એકેડેમી, સામાજિક-ધાર્મિક કાર્યક્રમો માટે અલગ કોમ્યુનિટી હોલ, સરકારી પ્રમાણ પત્રોની હોમ ડિલીવરી તથા ગલ્લા-પાથરણાવાળા વેપારીઓને પ્રમાણપત્રોની ગેરંટી આપી છે અને તેની સાથે તમામ ફરિયાદો માટે હેલ્પલાઈન નંબર સીસ્ટમ ઉપરાંત સિવિક સેન્ટરોમાં કોર્પોરેટર્સની હાજરી રહેશે તેની પણ ગેરંટી આપી છે.

### સે. ૨૨માં આપના કાર્યકર્તાઓએ ગટર સફાઈ કરી

શહેરના વોર્ડ નં. ૫ માં પ્રચાર અભિયાનનો પ્રારંભ કરતા આપ પાર્ટીના કાર્યકર્તાઓએ સેક્ટર-૨૨માં પ્રવર્તમાન ભાજપી કોર્પોરેટરના ઘર નજીક જ ગટર ઉભરાવાની સમસ્યા નિહાળી હતી જેની આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા જાતે જ સફાઈ કરવામાં આવી હતી. ઉભરાતી ગટરના કારણે ઘણા સમયથી વસાહતીઓ ખૂબ જ ત્રસ્ત હતા અને ઘણી ફરિયાદો છતાં ઉકેલ આવતો નહોતો. અત્રે ઉલ્લેખનીય છે કે વોર્ડ નં. ૫ માં સે. ૨૨ વર્તમાન મેયરનો જ વિસ્તાર છે.

## ચ રોડ પર બાઈક કાર વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા. ૨

ચ રોડ પર શહેરના-૧૧ના કટ પાસે બાઈક અને કાર વચ્ચે અકસ્માતમાં યુવકનુ મોત થયું છે. ઘટનાની વિગત પ્રમાણે મૂળ મહેસાણાનો મનિષ મહેન્દ્રભાઈ પટેલ (૩૦ વર્ષ, રહે-સદુથલા, વિસનગર) અમદાવાદ કૃષ્ણનગર પોતના કામથી બાઈક લઈને ગયો હતો. શુક્રવારે સાંજે તે અમદાવાદથી વિસનગર તરફ જતો હતો, ત્યારે શહેરના ચ રોડ પર તેને અકસ્માત નડ્યો હતો. ચ રોડ પર સેક્ટર-૧૧ના કટ પાસેથી નીકળેલી કારમાં યુવકનું બાઈક ઘૂસી ગયું હતું.

જેમાં તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, દોડી આવેલા લોકોએ તાત્કાલિક ૧૦૮ને કોલ કરતાં દોડી આવેલા સ્ટાફે આવીને ચેક કરતાં યુવકનું મોત થઈ ગયું હતું. અકસ્માતને પગલે સેક્ટર-૭ પોલીસનો સ્ટાફ પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે યુવકની લાશને પોસ્ટમોર્ટમ માટે યુવકના પરિવારને જાણ કરી હતી. જેને પગલે યુવકના પિતા મહેન્દ્રભાઈ ગોપાલભાઈ પટેલ સહિતનો પરિવાર પહોંચી ગયો હતો. પોલીસે યુવકના પિતાની ફરિયાદના આધારે ર્ત્ન-૧૮-મ્ત્ન-૭૭૧૪ના કાર ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધ્યો છે.

# શાહપુર બ્રિજ નીચે અજાણી મહિલાનું બોથડ પદાર્થ મારી હત્યા થઈ હોવાનો ખુલાસો

ગાંધીનગર, તા. ૨

ધોળાકુવા સર્કલ થી ગીફટસીટી તરફ જતા માર્ગ પર શાહપુર બ્રિજ નીચેથી ગતરોજ એક અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. આ મૃતદેહનું પીએમ કરાવતા મહિલાની હત્યા થઈ હોવાનું સામે આવ્યું છે. જેમાં મહિલાને માથાના પાછળના ભાગે કોઈ બોથડ પદાર્થ મારી નિર્મમ હત્યા કરાઈ હતી. મહિલાના મૃતદેહને ત્રણ-ચાર દિવસ થઈ ગયા હતા. મૃતક મહિલા ૨૫ થી ૩૦ વર્ષના આશરાની લાગી રહી છે. મહિલાના મૃતદેહની આસપાસ તપાસ કરવા છતા કોઈ ઓળખ થાય તેવા પુરાવા મળી આવ્યા નથી. તો બીજીતરફ મહિલાના મૃતદેહને જાનવરોએ કરડી ખાધાના નિશાન પણ મળી આવ્યા છે. ડભોડા પોલીસ દ્વારા એફએસએલની ટીમને સાથે રાખીને જરુરી પુરાવા એકઠા કર્યા બાદ પંચનામુ કર્યું હતું. ગાંધીનગર સિવિલ ખાતે મહિલાના મૃતદેહનું પીએમ કર્યા બાદ મૃત્યુના ચોકક્સ કારણ માટે ફોરેન્સિક સાયન્સની મદદથી પીએમનો અભિપ્રાય આપ્યો હતો. જયારે માથાના પાછળના ભાગે કોઈ બોથડ પદાર્થ જોરથી મારતા મહિલાનું મૃત્યુ થયું હોવાનુ સામે આવ્યું છે. જેથી ડભોડા પોલીસે આ અંગે હત્યાનો ગુનો નોંધી મહિલાના વાલી વારસોની શોધખોળ શરુ કરી છે. જયારે મૃતક મહિલાના જમણા હાથે છુંદણાથી ઓ કોતરાયેલ હતો અને હથેળીમાં હિન્દીમાં દિને લખેલુ હતું.



ઉનાળો દિવસે દિવસે આકરો બની રહ્યો છે. દિન પ્રતિદિન ગરમીની માત્રા વધતા શહેરીજનો પરેશાન થઈ રહ્યાં છે. સેક્ટરે સેક્ટરે ફરીને નાનો મોટો વેપાર કરનાર ફેરીયાઓ બપોરના સમયે આકરી ગરમીથી ખૂબ પરેશાની ભોગવે છે. તેમના માટે શહેરમાં ઠેર ઠેર ઉછેરવામાં આવેલા વૃક્ષો આશારો બની રહે છે. વૃક્ષોની છાયામાં તેઓ આરામ કરી બપોરે સમય પસાર કરી લે છે.

# ચિલોડા સર્કલ પાસે કોવિડ-૧૯ ટેસ્ટીંગ કેમ્પ યોજાયો

### ૯૫ નાગરિકોના ટેસ્ટ પૈકી ૨૭ કેસ પોઝીટીવ માલુમ પડ્યા

ચિલોડા, તા. ૨

કોરોના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. ચિંતાજનક સ્થિતિમાં કોરોનાનું વધતુ સંક્રમણ નાગરિકો માટે ચિંતાનું કારણ બન્યુ છે. ત્યારે સરકાર દ્વારા કોરોના-કોવિડ-૧૯ના વાયરસ અટકાવવા રસીકરણ ઝુંબેશ વેગવંત બનાવી છે. આ ઉપરાંત કોરોના કોવિડ-૧૯ આરટીપીસીઆર રેપીડ ટેસ્ટની કામગીરી અભિયાન તેજ ગતિએ હાથ ધરાયુ છે.



કોરોના કેસ વધતા વેક્સિન અને ટેસ્ટિંગ અંગે નાગરિકોમાં જાગૃતતા આવી છે. ત્યારે ચિલોડા સર્કલ જંકશન મથક ગણાતુ જિલ્લાનું મુખ્ય પ્રવેશ સમા અને અસંખ્ય લોકોની અવર-જવર અને મુખ્ય બજાર ગણાતુ ચિલોડા મોટા ખાતે ગત વર્ષે નવેમ્બર માસમાં કોરોના ટેસ્ટ માટેનું અભિયાન શરૂ કર્યુ હતુ. ત્યારે ચાલુ સાલે પુનઃ પ્રાંતિયા આરોગ્ય કેન્દ્ર દ્વારા ચિલોડા ખાતે મુખ્યત્વે બહારના નાગરિકોની હેરાફેરી વધુ રહેવા પામી છે. ત્યારે કોવિડ-૧૯ ટેસ્ટીંગ કેપનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

જેમાં મળતી માહિતી મજુબ ચિલોડા ગામના આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં વાવોલ, પેથાપુર, દશેલા, ધરમપુર(ભુડિયા) ગાંધીનગર સ્થિત સેક્ટરવાસી સહિત અન્ય નાગરિકોએ ટેસ્ટ કરાવવા ઉત્સાહ બતાવ્યો હતો. આ ટેસ્ટીંગ કેમ્પમાં ૯૫ નાગરિકોના ટેસ્ટમાંથી ૨૭ નાગરિકોને પોઝીટીવ કેસ માલુમ પડ્યા હતા. આ કેમ્પમાં પી.એચ.ઓ. ડૉ. કૌશલ નાયક, આરોગ્ય કર્મી વિશ્વજીતભાઈ પટેલ તથા તિશભાઈ પટેલે સેવા પુરી પાડી હતી.

# ભાજપના વિવિધ મોરચાના પ્રદેશ પ્રમુખોની જાહેરાત

### તમામ પ્રમુખ બદલાયા : ચાર મહામંત્રીઓને ઝોન વાઈઝ જવાબદારી, ૭ મોરચાના પ્રમુખોની પણ જાહેરાત કરાઈ

ગાંધીનગર, તા. ૨

પ્રદેશ ભાજપે આજે વિવિધ મોરચાના પ્રમુખોની જાહેરાત કરી છે. પ્રદેશ અધ્યક્ષ બન્યા બાદ સી આર પાટીલે ૪ મહામંત્રીઓને ઝોન વાઈઝ જવાબદારી સોંપી છે તો સાથે જ ૭ મોરચાના પ્રમુખોની પણ જાહેરાત કરી છે. મોરચાઓના તમામ પ્રમુખોને બદલવામાં આવ્યા છે. મહામંત્રીઓને જે પ્રમાણે જવાબદારી આપી છે તે જોતા પ્રદીપસિંહ વાઘેલાનું કદ સીધું જ વધ્યું છે. પ્રદીપ સિંહ વાઘેલાને દક્ષિણ ઝોન ઉપરાંત અમદાવાદ મહાનગર અને પ્રદેશ કાર્યાલયની જવાબદારી સોંપવામાં આવી છે.

પ્રદીપસિંહ વાઘેલાને મહામંત્રી પદે પ્રમોશન અપાયા બાદ ઝોન વાઈઝ જવાબદારીઓ સાથે અમદાવાદ મહાનગર કે જે સૌથી મોટું સંગઠન છે તેની પણ જવાબદારી સોંપવામાં આવી છે તો સાથે જ પ્રદેશ કાર્યાલયની પણ જવાબદારી તેમની રહેશે. મધ્ય ઝોનની જવાબદારી ભાગર્વ ભટ્ટને તો કચ્છ અને ઉત્તર ઝોનની જવાબદારી રજનીભાઈ પટેલને સોંપી છે. સૌરાષ્ટ્રની જવાબદારી સાંસદ અને મહામંત્રી વિનોદ ચાવડાને સોંપવામાં આવી છે. ભાજપમાં મહામંત્રીઓની ભૂમિકા હંમેશા મહત્વની રહી છે કારણ કે મહામંત્રી પ્રદેશ અધ્યક્ષની આંખ-કાન અને ચહેરા તરીકે કામ કરે છે.

ચૂંટણીલક્ષી અને સંગઠનલક્ષી જવાબદારીઓ માટે મહામંત્રીઓને ઝોનમાં વહેંચવામાં આવ્યા છે. ભાજપના મહામંત્રીઓને ઝોન વહેંચવા ઉપરાંત ૭ મોરચાઓના નવા પ્રમુખોની જાહેરાત કરવામાં આવી છે. નવા પ્રમુખોમાં યુવા અને અનુભવી ચહેરાઓનો સમન્વય જોવા મળી રહ્યો છે. વર્ષોથી ભાજપમાં કાર્યરત અને સક્રિય ચહેરાઓને મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે.

જેમાં મહિલા મોરચાના પ્રમુખ તરીકે યુવા ચહેરા ડૉ. દીપીકા સરડવાને જવાબદારી આપી છે. જેઓ વ્યવસાયે પ્રોફેસર હતા. સામાજીક અગ્રણી તરીકે કાર્યરત છે. અમદાવાદ જિલ્લા ભાજપ મહિલા મોરચામાં કોર્ડીનેટર તરીકે જવાબદારી નિભાવી છે. ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે પ્રશાંત કોરાટની પસંદગી કરવામાં આવી છે. પૂર્વ મંત્રી જશુમતીબેન કોરાટના પુત્ર છે પ્રશાંત કોરાટ. યુવા મોરચાના રાજકોટ પ્રમુખ તરીકે જવાબદારી નિભાવી છે.

બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે ઉદય કાનગડની પસંદગી કરવામાં આવી છે. ઉદય કાનગડ આ પહેલા રાજકોટ ભાજપના મહામંત્રી તરીકે કામગીરી કરી ચૂક્યા છે. બક્ષીપંચ મોરચાના પ્રદેશ મંત્રી પણ રહી ચૂક્યા છે. રાજકોટ મહાનગરપાલિકાના મેયર અને સ્ટેન્ડીંગ ચેરમેન રહી ચૂક્યા છે. સૌથી નાની વયના રાજકોટના મેયર તરીકે સફળ કામગીરી કરી હતી. હવે તેઓ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રદેશ પ્રમુખની જવાબદારી નિભાવશે.

અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ તરીકે ડો. પ્રદ્યુમન વાઝાની પસંદગી કરવામાં આવી છે. જેઓ વ્યવસાયે ગાયનેકોલોજીસ્ટ છે. વર્ષોથી રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ સાથે જોડાયેલા છે. સંઘ પરિવારમાં સામાજીક સમરસતાનું કામ કર્યું. તબીબી જગતની નામાંકિત સંસ્થા એનએમઓમાં વર્ષો સુધી સક્રિય હતા. પણ હજુ સુધી તેઓ ચૂંટણીલક્ષી રાજકારણથી દૂર રહ્યા હતા.

અનુસૂચિત જનજાતિ મોરચાના પ્રમુખ તરીકે હર્ષદ વસાવાને જવાબદારી આપી છે. જેઓ ગુજરાત સરકારના મંત્રી રહી ચૂક્યા છે. પૂર્વ સંસદીય સચિવ હર્ષદ વસાવાને પક્ષે મોરવાહડફ બેઠક ચૂંટણી ઈન્ચાર્જ તરીકે જવાબદારી આપી છે. તો આદિવાસીઓ માટેના કેન્દ્રીય બોર્ડમાં પણ મહત્વની જવાબદારી નિભાવી ચૂક્યા છે.

## નવસારી ખાતે મુખ્યમંત્રી રૂપાણી દ્વારા 'નિરાલી કેન્સર હોસ્પિટલ'નું લોકાર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે તા. ૩ એપ્રિલ ૨૦૨૧ના રોજ નવસારી ખાતે નવનિર્મિત 'નિરાલી કેન્સર હોસ્પિટલ'નું લોકાર્પણ કરશે.

શનિવારે બપોરે ૨ કલાકે એ.એમ. નાયક હેલ્થકેર કોમ્પ્લેક્સ, નવસારી ખાતે કેન્સર હોસ્પિટલ લોકાર્પણ કાર્યક્રમ યોજાશે.

## દુઃખદ અવસાન

ઉવારસદ નિવાસી બાલકૃષ્ણભાઈ પ્રેમશંકર દવેનું અવસાન તા. ૧-૪-૨૦૨૧ના રોજ થયુ છે. સદ્દગતનું બેસણુ તા. ૪-૪-૨૦૨૧ના રોજ બી.એસ. પટેલ હાઈસ્કૂલ, મુ.પો. ઉવારસદ, તા. જી. ગાંધીનગર ખાતે સવારે ૮ થી ૧૨ કલાક દરમ્યાન રાખવામાં આવ્યુ છે.

# સાદરા ખાતે સાયમ્ પ્રાર્થના સભામાં કોવિડ-૧૯ સંક્રમણ અંગે વાર્તાલાપ યોજાયો

મહાત્મા ગાંધી સ્થાપિત આશ્રમોમાં ચિત્તની પ્રસન્નતા અને આત્માની શાંતિ અર્થે આશ્રમવાસીઓના જીવન ઘડતર માટે દરરોજ સવાર-સાંજ પ્રાર્થના કરવામાં આવે છે.

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના કન્યા છાત્રાલય અને કુમાર છાત્રાલયની સમૂહ શાયમ પ્રાર્થના સભામાં સંકુલના સંયોજક રમેશભાઈ પટેલે કોવિડ-૧૯ સંક્રમણ અંગેની સભાનતા-સાવધાની અંગેનો વાર્તાલાપ આપતાં કહ્યું કે સાંપ્રત સમયમાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ ગફલતમાં રહેવાની જરૂર નથી. દોગજ દૂરી, માસ્ક પહેરી, વારંવાર હાથ ધોઈ કોરોનાને હરાવી નિરામય જીવન જીવતાં શીખવાની અને શીખવાડવાની



જરૂર છે. ત્યારે જ આપણે બધાએ રાષ્ટ્રીય સેવા કાર્ય કર્યુ ગણાશે. આપણે ગાંધીબાપુના સંસ્કારોથી ગાંધીજીવન પદ્ધતિના શિક્ષણના વિદ્યાર્થીઓ રાષ્ટ્રવિકાસ કાર્યોમાં ઉદાહરણરૂપ બનવાનુ છે. ત્યારબાદ ગૃહપતિ મોહનભાઈ પટેલે છાત્ર નિવાસી વિદ્યાર્થી ભાઈઓ-બહેનોની શાયમ પ્રાર્થના સભામાં મોબાઈલનો ઉપયોગ વિવેકપૂર્વક ઓનલાઈન શિક્ષણ કાર્યમાં કરવાની શીખ આપી હતી. ગૃહમાતા વસંતી પરમારે કન્યા છાત્રાલય નિવાસી વિદ્યાર્થિનિઓ દરરોજ શુદ્ધ ખાદીના વસ્ત્રો પરિધાન કરીને રહે છે તે અંગેની પૂરક માહિતી આપી હતી. આ શાયમ પ્રાર્થના સભામાં સેવક નિવાસી સેવકોમાંના વિશાલ માંગરોલીયા અને હિંમત વાણીયા જોડાયા હતા.

## નિપુલ ચોકસીના બે પુસ્તકોનુ આવતીકાલે લોકાર્પણ

ગાંધીનગર તા ૨

ગાંધીનગરના જાણીતા કવિ નિપુલ ચોકસીના બે પુસ્તકો સ્મિત અને સ્પંદન તેમજ મેથી મારવાની કળા..હાસ્યલેખ સંગ્રહ નુ તા ૪ એપ્રિલના રોજ સાંજે ૪:૩૦ કલાકે સે-૧૭ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે લોકાર્પણ કરાશે. હાસ્ય રચનાઓ, કવિતાઓ અને હાસ્યલેખ સંગ્રહના આ પુસ્તકોના લોકાર્પણ પ્રસંગે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, જાણીતા કવિ ,લેખક ,ચિંતક ભાગ્યેશ જહા, ગાંધીનગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહા, લેખક અને સંપાદક પુલક ત્રિવેદી અને આર જે મેઘા ઉપસ્થિત રહેશે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીને લઈ આજે પ્રિસાઈડીંગ ઓફિસર તેમજ પોલીંગ ઓફિસર-૧ ને તાલિમ આપવામાં આવી હતી.
- ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં માણસા-કલોલ અને દહેગામના કર્મયોગીઓને ચૂંટણી વિષયક ફરજો માટે જોતરવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં નવા રાજકીય પરિબળ તરીકે ઉભરેલી આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ પ્રચાર અભિયાન આરંભી દીધુ છે.
- ગાંધીનગર શહેરમાં કોરોના વેક્સીનેશન રજાના દિવસે પણ ચાલુ રખાયુ હતુ અને ૨૦૩૦ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.
- ગ્રામ્ય વિસ્તારમાં ૬૬૭૬ લોકોને ૨૧૦ રસીકરણ કેદ્રો દ્વારા કોવિડ-વેક્સીનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- કોવિડ વેક્સીનેશનને લઈ આજે પણ નેશનલ હેલ્થ મિશનના અધિકારીઓએ વિડીયો કોન્ફરન્સ યોજી હતી અને વેક્સીનેશનને સઘન બનાવવા પર ભાર મુક્યો હતો.
- ભાજપે કોવિડ વેક્સીનેશન માટે પેજ પ્રમુખોને તંત્રના સહયોગ માટે ઉતરવાનો આદેશ કર્યો છે તેની જાહેરાત સી.આર. પાટિલે આજે પ્રેસ કોન્ફરન્સ કરી હતી.
- સે. ૭ ના જૈન અગ્રણી અને કલ્ચરલ ફોરમના કારોબારી સભ્ય રાજન શાહ અને તેમનો પરિવાર કોરોનાથી સંક્રમિત થયો છે.

## કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયા ગુજરાતનાં બે દિવસનાં પ્રવાસે

ગાંધીનગર, તા. ૨

ભારત સરકારનાં કેન્દ્રીય પોર્ટસ, શીપીંગ અને વોટરવેઝ (સ્વ.હ.) મંત્રી મનસુખભાઈ માંડવિયા તા. ૩ અને ૪ એપ્રિલે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.

મંત્રી ગુજરાત પ્રવાસ દરમિયાન ભાવનગર ખાતે કન્ટેનર બિલ્ડીંગ યાર્ડની મુલાકાત લેશે. ઉપરાંત ગત બજેટમાં નાણાંમંત્રી નિર્મલા સિતારામનજીએ શીપ રિસાયકલીંગ ઉદ્યોગને આગામી પાંચ વર્ષમાં બમણી કરવાની જાહેરાત કરેલ છે. આ અંતર્ગત શીપ રિસાયકલીંગ ઈન્ડસ્ટ્રીઝને વેગ આપવા આયોજિત શીપ રિસાયકલીંગ સેમિનારમાં પણ ઉપસ્થિત રહેશે.

તા. ૪-૪-૨૦૨૧, રવિવારનાં રોજ 'આઝાદીકા અમૃત મહોત્સવ' ઉજવણી અંતર્ગત આયોજિત દાંડીયાત્રામાં નવસારી જિલ્લામાં ઉપસ્થિત રહેશે.

**ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**

મધુર ડેરી, જીઆઈડીસી, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર-૩૮૨૦૨૪

**''વોક-ઈન-ઈન્ટરવ્યુ''**

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મધુર ડેરી, ગાંધીનગર એ ગુજરાત કો.ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. સાથે સંકળાયેલ છે. જેનું વાર્ષિક ટર્ન ઓવર અંદાજિત રૂ. ૪૫૦/- કરોડથી વધુ છે. જે દૂધ અને દૂધની બનાવટોનું પ્રોક્યોરમેન્ટ, પ્રોડક્શન અને માર્કેટીંગ કરે છે. આ સંસ્થાને નીચે જણાવેલ જગ્યા માટે ઉત્સાહી અને ખંતીલા વ્યક્તિની જરૂરિયાત છે. સદર જગ્યા માટે સંપૂર્ણ બાયોડેટા લાગુ પડતા પ્રમાણપત્રોની ઓરીજનલ અને તેની સ્વપ્રમાણિત ઝેરોક્ષ નકલો, તાજેતરનો કલર પાસપોર્ટ સાઈઝનો ફોટો સાથે તા. ૧૧/૪/૨૦૨૧ના રોજ સવારના ૯-૦૦ થી ૧૦-૦૦ કલાક સુધી સંસ્થાની ઓફીસ ખાતે રસ ધરાવતા ઉમેદવારોએ, સ્વખર્ચ હાજર રહી રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે. અને ઈન્ટરવ્યુની કામગીરી પૂરી ન થાય ત્યાં સુધી રોકાવવાનું રહેશે.

| અ.નં. | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | વય મર્યાદા |
| --- | --- | --- | --- |
| ૧ | પી.એ. ટુ એમ.ડી. (મહિલા) | કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક તથા વધારાની લાયકાત-કોમ્પ્યુટર જ્ઞાન જરૂરી | ૩૫ થી ૪૫ વર્ષ સુધી |

ઉપરોક્ત જગ્યા માટેનું ઈન્ટરવ્યુ રદ કરવું કે ઉમેદવારને લાયક ગણવો કે નહિ તે અંગેનો નિર્ણય લેવાનો અબાધિત અધિકાર ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રી